# અફઝલ ગુરુ પ્રત્યે કઠોર વલણ અપનાવવા પ્રણવને અપીલ

મુંબઈ, તા.૨૩

ભારતના ૧૩માં રાષ્ટ્રપતિ તરીકે પ્રણવ મુખરજી શપથ લે તે પહેલાં જ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેમને મત આપનાર શિવસેનાએ પોતાની ઈચ્છાની યાદી રજૂ કરી દીધી છે. શિવસેનાની યાદીમાં સંસદ પર હુમલા કેસમાં મૃત્યુદંડની સજાનો સામનો કરી રહેલા અપરાધી અફઝલ ગુરુ દ્વારા દાખલ કરવામાં આવેલી દયાની અરજીને ફગાવી દેવાની બાબતનો સમાવેશ થાય છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પ્રણવ મુખરજીની દાવેદારીને ટેકો આપવા બદલ અફઝલ ગુરુ પ્રત્યે કઠોર વલણ અપનાવવા અપીલ કરવામાં આવી છે. અફઝલ ગુરુની દયાની અરજીને સ્પષ્ટપણે ફગાવી દેવા શિવસેનાએ ઈચ્છા વ્યક્ત કરી છે. ડિસેમ્બર ૨૦૧૧ના સંસદ પર



આતંકવાદી હુમલા બદલ અફઝલ ગુરુને ફાંસીની સજા ફટકારવામાં આવી હતી. આ હુમલામાં ૧૨ લોકોના મોત થયા હતા. પક્ષના મુખપત્ર સામનામાં પ્રકાશિત થયેલા તંત્રી લેખમાં શિવસેનાના વડા બાલ ઠાકરેએ કહ્યું છે કે અમે પ્રણવ મુખરજી પાસેથી ઘણી અપેક્ષા રાખી રહ્યા છીએ.

અફઝલ ગુરુની દયાની અરજીને ફગાવી દઈને તેને ફાંસી આપવામાં આવે તેવી ઈચ્છા શિવસેના રાખે છે. પ્રાથમિકતાના આધાર ઉપર આ કામ કરવા અપીલ કરવામાં આવી છે. ભારતના રાષ્ટ્રપતિ તરીકે કેરિયરની શરૂઆત કઠોર નિર્ણય સાથે કરવા આમા હેવામાં આવ્યું છે. બુધવારના દિવસે પ્રણવ મુખરજી રાષ્ટ્રપતિ તરીકેના શપથ લેનાર છે. મૃત્યુદંડની સજાનો સામનો કરી રહેલા અપરાધીઓ તરફથી ૧૦થી વધુ દયાની અરજીઓ અંગે પ્રણવને નિર્ણય લેવો પડશે. દયાની અરજીને ફગાવી દેવા અથવા તો સ્વીકારી લેવાની બાબત રાજકીય સમીકરણો બદલી શકે છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી બિઅંતસિંહની હત્યા બદલ પંજાબમાં જેલમાં રહેલા બલવંતસિંહ તરફથી દયાની અરજી કરવામાં આવી છે. શિવસેનાએ એનડીએના સાથી પક્ષ ભાજપથી અલગ વલણ અપનાવીને પ્રણવ મુખરજીની દાવેદારીને ટેકો આપ્યો હતો.

## અફઝલની દયાની અરજી અંગે કોઇ ટિપ્પણી કરવા પ્રણવની ના

નવીદિલ્હી, તા.૨૩

નિયુક્ત રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ આજે કહ્યું હતું કે સંસદ પર હુમલાના અપરાધી અફઝલ ગુરૂની દયાની અરજી અંગે હાલ તેઓ કોઈ ટિપ્પણી કરી શકે તેમ નથી. જ્યાં સુધી તેઓ હોદ્દો ધારણ કરશે નહીં અને આ મામલામાં અભ્યાસ કરશે નહીં ત્યાં સુધી કોઈપણ નિર્ણય કરવો તેમના માટે સરળ રહેશે નહીં. એક મુલાકાતમાં ટીવી ચેનલ સાથેની વાતચીતમાં પ્રણવ મુખરજીએ આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે શિવસેના તરફથી માંગ કરવામાં આવી ચુકી છે. પરંતુ તેઓ હાલ ટિપ્પણી કરવાની સ્થિતીમાં નથી. ભારતના ૧૩માં રાષ્ટ્રપતિ તરીકે તેઓ ગઈકાલે ચુટાઈ આવ્યા હતા. હવે બુધવારે રાષ્ટ્રપતિ તરીકેના શપથ લેશે. યુપીએના સાથી પક્ષોની સાથે સાથે એનડીએના ઘણા પક્ષોએ પણ પ્રણવ મુખરજીને રાષ્ટ્રપતિની ચુંટણીમાં ટેકો આપ્યો હતો. શિવસેનાના વડા બાલ ઠાકરે પક્ષના મુખપત્ર સામનામાં આ મુજબની માંગણી કરી ચુક્યા છે. ચાર દશકની રાજકીય કારકિર્દીમાં નાણાં, સંરક્ષણ અને વિદેશ સહિતના ચાવીરૂપ હોદ્દા મેળવી ચુકેલા પ્રણવ મુખરજી પાસેથી રાજકીય પક્ષોને ભારે અપેક્ષા છે. પ્રણવે ખાતરી આપી છે કે તેઓ એક બિન રાજકીય રાષ્ટ્રપતિ બનવા કટીબદ્ધ છે. દરેક વ્યક્તિ માટે કામ કરવા માટે તેઓ કટીબદ્ધ છે. પ્રણવે એમ પણ કહ્યું છે કે બાળપણમાં તેઓ તોફાની વિદ્યાર્થી પૈકી એક હતા. પ્રણવ મુખરજી બુધવારે રાષ્ટ્રપતિ પદના શપથ લેશે. પ્રણવ મુખરજી રાષ્ટ્રપતિની ચુંટણીમાં ઉમેદવાર બન્યા ત્યારથી જ તેઓ હોટ ફેવરિટ બનેલા હતા. તેમની જીત નિશ્ચીત દેખાઈ રહી હતી. પ્રણવ મુખરજીની સામે ચુંટણી મેદાનમાં સાંગમા હતા. સાંગમાની કારમી હાર થઈ છે. સાંગમાને ભાજપ, બીજેડી અને અન્ય કેટલાક પક્ષોનો ટેકો હતો. જ્યારે પ્રણવ મુખરજીને યુપીએના સાથી પક્ષો ઉપરાંત શિવસેના અને જેડીયુનો પણ ટેકો હતો. આ ઉપરાંત ભાજપના ઘણા ધારાસભ્યોએ પણ તેમની તરફેણમાં મતદાન કર્યું હતું.

# હજ શ્રદ્ધાળુઓ માટે વિવેકાધીન ક્વોટા સીટમાં ઉલ્લેખનીય ઘટાડો

નવીદિલ્હી, તા.૨૩

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રિમ કોર્ટે હજયાત્રીઓ માટે સરકારનાં વિવેકાધીન ક્વૉટા સીટમાં નોંધપાત્ર ઘટાડો આજે કરી દીધો હતો. સરકારની ક્વૉટા સીટને ૫૦૫૦થી ઘટાડીને માત્ર ૩૦૦ કરી દેતાં સરકારને મોટો ફટકો પડ્યો છે. સુપ્રિમ કોર્ટે આ સંબંધમાં મહત્વપૂર્ણ કારણો પણ આપ્યા હતાં. સુપ્રિમ કોર્ટે સાફ શબ્દોમાં પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, હજ યાત્રીઓ માટે રહેલી વિવેકાધીન ક્વૉટાની સીટ ઘટાડવામાં આવે તે જરૂરી છે. જસ્ટીસ આફતાબ આલમ અને રંજના પ્રકાશ દેસાઈની બેંચે મહત્વપૂર્ણ આદેશ આપતાં કહ્યું હતું કે, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન, વિદેશમંત્રી દ્વારા વિવેકાધીન ક્વૉટા હેઠળ ફાળવવામાં આવતી સીટોની સંખ્યા પણ મર્યાદિત કરી દીધી છે. સરકારનાં વિવેકાધીન ક્વૉટાની સીટ ઘટાડતાં સરકારને મોટા ફટકો પડ્યો છે. ૩૦૦ સુધી સીટને મર્યાદિત કરવાની સાથે સાથે બેંચે એમપણ કહ્યું છે કે, નવી વ્યવસ્થા હેઠળ રાષ્ટ્રપતિ ૧૦૦, ઉપરાષ્ટ્રપતિ ૭૫, વડાપ્રધાન ૭૫ અને વિદેશ મંત્રાલય ૫૦ વ્યક્તિને સીટ આપી શકશે. બેંચનું કહેવું છે કે, હજ કમિટી ઓફ ઈન્ડિયા (એચસીઆઈ) માટે ૨૦૦ સીટ અનામત રાખવામાં આવશે. કોર્ટને માહિતી આપવામાં આવી હતી કે, સરકારી ક્વૉટા હેઠળ અનામત રાખવામાં આવેલી ૧૧૦૦૦ સીટો હજ ૨૦૧૨ માટે ફાળવવામાં આવશે. વિવેકાધીન



ક્વૉટા અને એચસીઆઈ હેઠળ સીટોને મર્યાદિત કરવામાં આવ્યા બાદ બેંચે કહ્યું હતું કે, બાકીની સીટો જુદાં જુદાં રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની હજ કમિટીને આપી દેવામાં આવશે. સુપ્રિમે એમપણ કહ્યું હતું કે, કોઈપણ હાઈકોર્ટ હજ ૨૦૧૨ માટે શ્રદ્ધાળુઓની નોંધણી માટે કોઈ લેખિત અરજી પર સુનાવણી ચલાવી શકશે નહીં. બેંચે કહ્યું હતું કે, જો કોઈ શ્રદ્ધાળુ અથવા તો ખાનગી ટુર ઓપરેટર દ્વારા આ પ્રકારની અરજી હાઈકોર્ટમાં દાખલ કરે છે તો તેને સુપ્રિમ કોર્ટમાં ટ્રાન્સફર કરી દેવી પડશે. બેંચે ૮ મેનાં આદેશનાં સંબંધમાં સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી એફિડેવિટમાં સુનાવણી ચલાવ્યા બાદ આ મુજબનો આદેશ આપ્યો હતો. કોર્ટે ૮ મેનાં દિવસે હજ યાત્રીઓ માટે વિવેકાધીન ક્વૉટા હેઠળની સીટ અંગે માહિતી આપવા સરકારને કહ્યું હતું. સુપ્રિમનાં આજનાં આદેશને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

સુપ્રિમે ૧૦ વર્ષનાં ગાળામાં હજ સબસીડીને તબક્કાવાર દૂર કરવા સરકારને આદેશ કર્યો હતો અને કહ્યું હતું કે, આ રકમ સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે વધુ સારી રીતે ઉપયોગ કરી શકાય છે.

મુસ્લિમ સમુદાયનાં સામાજિક અને શૈક્ષણિક વિકાસ માટે હજ સબસિડીની રકમનો ઉપયોગ કરવાની વાત કરાઈ હતી.

# આસામ હિંસામાં મોતનો આંક વધીને ૧૯ ઉપર પહોંચી ગયો

કોકરાઝાર, તા.૨૩

આસામનાં બોડોલેન્ડ પ્રાદેશિક વહીવટી જિલ્લામાં હાલમાં ભડકેલી હિંસામાં મોતનો આંકડો વધીને આજે ૧૯ ઉપર પહોંચ્યો હતો. સોમવાર સવારે વધુ બેનાં મૃતદેહ મળી આવ્યા હતાં. દરમિયાન કોકરાઝાર જિલ્લામાં દેખાવકારોએ રાજધાની એક્સપ્રેસને અટકાવી દીધી હતી. આજે સવારે ગૌરંગા નદીનાં કિનારેથી બે મૃતદેહ મળી આવ્યા હતાં. ઓલ આસામ માઈનોરિટી સ્ટુડન્ટ યુનિયન દ્વારા આપવામાં આવેલાં બાર કલાકનાં બંધ દરમિયાન ઢુબારી જિલ્લામાં ગોલોકગુંજ અને ગૌરીપુર શહેરમાં દેખાવકારો અને બંધના સમર્થકો દુકાનોને બંધ કરવાની ફરજ પાડી રહ્યા હતાં ત્યારે પોલીસે હવામાં ગોળીબાર કર્યો હતો. બીટીએડી જિલ્લાઓમાં લઘુમતીઓ ઉપર



કરવામાં આવી રહેલાં હુમલાઓ સામેનાં વિરોધમાં બંધની હાકલ કરવામાં આવી હતી. બંધના સમર્થકોએ ગૌરીપુર શહેરમાં બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટની ઓફિસમાં તોડફોડ કરી હતી. પ્રધાનો દ્વારા કરવામાં આવેલી અપીલને ફગાવી દઈને ઓલ આસામ માઈનોરિટી સ્ટુડન્ટ યુનિયન દ્વારા બંધની હાકલ કરાઈ હતી. બંધ ઉપર ઉતરેલા લોકોએ દિલ્હી જતી રાજધાની એક્સપ્રેસને કોકરાઝાર અને ગોસાંઈગાંવ વચ્ચે પ્રતાપખત ખાતે રોકી દીધી હતી. આ એક્સપ્રેસ ટ્રેનને રોકી દેનાર લોકોએ આક્ષેપ કર્યો છે કે, ભાડુતી તત્વો દ્વારા તેમનાં મકાનોને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે જેનાં કારણે રાહત કેમ્પમાં ખસી જવાની ફરજ પડી છે. કાયદો-વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા માટે વધારાની અર્ધલશ્કરી દળની ૯ કંપનીઓ જિલ્લામાં તૈનાત કરવામાં આવી છે. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે, સ્થિતિ હવે બિલકુલ કાબુ હેઠળ છે.

# અમરનાથ યાત્રા : શ્રદ્ધાળુનાં મોતને લઈ સુપ્રિમ ચિંતાતુર

નવીદિલ્હી, તા.૨૩

પવિત્ર અમરનાથ ગુફામાં શિવલિંગના દર્શન કરવા માટે જઈ રહેલાં શ્રદ્ધાળુઓનાં વધી રહેલાં મોતનાં મામલાઓ અંગે ચિંતા વ્યક્ત કરીને સુપ્રિમ કોર્ટે આજે જમ્મુ-કાશ્મીર સરકારને કેટલાંક આદેશો આપ્યા હતાં. જમ્મુ-કાશ્મીર સરકારને યાત્રીઓ માટે તાત્કાલિક ધોરણે તબીબી સહાય ટુકડી તૈનાત કરવા સુપ્રિમે આદેશ કર્યો છે. હજુ સુધી અમરનાથ યાત્રામાં ભાગ લઈ રહેલાં ૯૭ શ્રદ્ધાળુઓનાં મોત થઈ ચૂક્યાં છે. પ્રથમ વખત શ્રદ્ધાળુઓનાં મોતનો આંકડો ઝડપથી વધ્યો છે. જસ્ટીસ બી.એસ.ચૌહાણ અને જસ્ટીસ સ્વતંત્રકુમારની બનેલી બેંચે રાજ્ય સરકારને શ્રદ્ધાળુઓ માટે જરૂરી તબીબી ટુકડી તૈનાત કરવા માટે કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ, પંજાબની સરકારોની મદદ લેવા કહેવામાં આવ્યું છે. બેંચે એમપણ કહ્યું છે કે, અમારા આદેશ બાદ ત્રણ દિવસનાં ગાળામાં બીજા ૧૩ યાત્રીઓનાં મોત થયા છે જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. બેંચે એમપણ કહ્યું હતું કે, આ અમરનાથ યાત્રા દરમિયાન જુદી જુદી વય ગ્રુપનાં લોકોનાં મોત થયા છે. અમરનાથ શ્રદ્ધાળુઓનાં મોતનાં આંકડાને રોકવા માટે પ્રયાસ કરવા તંત્રને સૂચના આપવામાં આવી છે. સુપ્રિમની બેંચે પવિત્ર અમરનાથ ગુફા નજીક મૂકવામાં આવેલાં લોખંડનાં દ્વાર દૂર કરવા વિચારણા કરવા સૂચના આપી છે. આ દ્વારની જગ્યાએ ફાયબરનાં દ્વાર મૂકી શકાય છે. ૨૦ જુલાઈનાં દિવસે સુપ્રિમ કોર્ટે એક સમિતિની રચના કરી હતી. અમરનાથ યાત્રા દરમિયાન તમામ સુવિધાઓ અને સારવારનાં અભાવથી શ્રદ્ધાળુઓનાં મોત થઈ રહ્યા છે તેવા અહેવાલ મીડિયામાં આવ્યા બાદ આની ગંભીર નોંધ સુપ્રિમે લીધી હતી.

# લક્ષ્મી સહેગલનું ઉત્તર પ્રદેશમાં લાંબી માંદગી બાદ નિધન થયું

નવી દિલ્હી, તા.૨૩

આઝાદ હિંદ ફોજના કેપ્ટન અને સુભાષચંદ્ર બોઝના નજીકના સાથી કેપ્ટન લક્ષ્મી સહેગલની અવસાન થયું છે. લક્ષ્મી સહેગલ ૯૭ વર્ષના હતા. છેલ્લા ઘણા દિવસથી તેમની હાલત ગંભીર બનેલી હતી. હાર્ટ એટેક થયા બાદ ગુરુવારે કાનપુરની એક હોસ્પિટલમાં તેમને દાખલ કરવામાં આવ્યા હતા. લક્ષ્મી સહેગલે ભારતની સ્વતંત્રતા ચળવળની લડાઈમાં સક્રિય ભૂમિકા અદા કરી હતી. સુભાષચંદ્ર બોઝની ઈન્ડિયન નેશનલ આર્મીમાં રાણી ઝાંસી રેજિમેન્ટની જવાબદારી સંભાળી હતી. લક્ષ્મી સહેગલને વર્ષ ૧૯૮૮માં તેમના યોગદાન બદલ પદ્મવિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રોફેશનથી તબીબ લક્ષ્મી સહેગલ સામાજિક કાર્યકર તરીકે પણ લોકપ્રિય રહ્યા હતા અને જુદા જુદા ક્ષેત્રોમાં ભૂમિકા ભજવી હતી. લક્ષ્મી સહેગલ છેલ્લા ઘણા દિવસથી વેન્ટીલેટર ઉપર હતા. તબીબોએ હાલમાં જ કબૂલાત કરી હતી કે સહેગલ માટે કોઈ સારા સંકેત મળી રહ્યા ન હતા. વર્ષ ૨૦૦૨માં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં લક્ષ્મી સહેગલ ઉમેદવાર તરીકે પણ હતા પરંતુ અબ્દુલ કલામ સામે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં હારી ગયા હતા. સહેગલ સીપીઆઈએમના વરિષ્ઠ નેતા સુભાષિની અલીના પુત્રી હતા.

# ભારત અને શ્રીલંકા વચ્ચે આજે હેમ્બાન્ટોટામાં જંગ

હેમ્બાન્ટોટા, તા. ૨૩

ભારત અને શ્રીલંકા વચ્ચે આવતીકાલે પાંચ વનડે મેચોની શ્રેણીની બીજી વનડે મેચ રમાનાર છે. અને તમામ તૈયારીઓ પરિપૂર્ણ થઈ ચુકી છે. શ્રેણીમાં ભારતે

૧-૦ની લીડ મેળવી લીધી છે. ભારત આ શ્રેણી જીતવા માટે અતિ ઉત્સુક દેખાઈ રહ્યું છે. પ્રથમ વનડે મેચ જીતી લીધા બાદ બીજી વનડે મેચમાં પણ ભારતીય ખેલાડીઓ છવાઈ જવા માટે ઉત્સુક દેખાઈ રહ્યા છે. પ્રથમ વનડે મેચમાં ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડીઓ છવાયેલા રહ્યા હતા. વિરાટ કોહલીએ શાનદાર સદી ફટકારી હતી જ્યારે વિરેન્દ્ર સહેવાગ સદીની નજીક પહોંચીને આઉટ થયો હતો. ભારતીય ટીમના ખેલાડીઓના ફોર્મને જોતા શ્રીલંકાને ઘરઆંગણે ભારત સામે શ્રેણી જીતવા ખૂબ જ મહેનત કરવી પડશે. શ્રીલંકા તરફથી એકમાત્ર સંગાકાર સારા ફોર્મમાં દેખાયો હતો. બાકીના ખેલાડીઓ હજુ સુધી ફોર્મ મેળવી શક્યા નથી. પાંચ વનડે મેચોની શ્રેણીમાં વાપસી કરવાની શ્રીલંકાને હજુ તક રહેલી છે. પરંતુ ટીમ ઈન્ડિયા લીડ મેળવી લેવા માટે ઉત્સુક છે. વિરાટ કોહલી ઉપર તમામની નજર રહેશે. તે હાલ ઘરખમ ફોર્મમાં ચાલી રહ્યો છે. ૨૩ વર્ષીય વિરાટ કોહલી ૧૨ વનડે સદી ફટકારી ચુક્યો છે. તેના શાનદાર ફોર્મના કારણે અન્ય ખેલાડીઓની નબળાઈ દેખાઈ રહી નથી. તેની ભુમિકાને કોહલી ખૂબ જ શાનદાર રીતે અદા કરી રહ્યો છે. ભારત અને કોહલીને શ્રીલંકા સામેની શ્રેણીમાં ટોચ ઉપર રહી જવાની તક રહેલી છે. શ્રીલંકા સામે કોહલી સતત ત્રણ સદી ફટકારી ચુક્યો છે. આવતીકાલની મેચ શ્રીલંકા માટે વધારે મહત્વપૂર્ણ છે કારણ કે શ્રેણી તે ૧-૧થી બરોબર કરી શકે છે. બીજી બાજુ ભારત ૨-૦ની લીડ મેળવીને શ્રીલંકા ઉપર દબાણ વધારી શકે છે.

# ગુવાહાટી સતામણી કેસ : અંતે મુખ્ય સૂત્રધાર કાલિતા પકડાયો

વારાણસી, તા.૨૩

સમગ્ર દેશને હચમચાવી મૂકનાર ગુવાહાટી સતામણી કેસમાં મુખ્ય આરોપી અમરજ્યોતિ કાલિતાની ધરપકડ કરી લેવામાં આવી છે. છેલ્લાં એક પખવાડિયાથી નાસતા ફરી રહેલાં આ મુખ્ય શખ્સને ઉત્તરપ્રદેશનાં વારાણસીથી પકડી પાડવામાં આવ્યા બાદ તેની પૂછપરછ શરૂ થઈ ચૂકી છે. પોલીસ કાલિતાની ધરપકડને મોટી સફળતા તરીકે ગણી રહી છે. વારાણસીનાં લંકા વિસ્તારમાંથી સ્થાનિક પોલીસ દ્વારા તેની ધરપકડ કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થા (વારાણસી) આઈ.જી. બી.પી.સિંહે આ અંગેની માહિતી આપતાં કહ્યું હતું કે, સ્થાનિક પોલીસને બાતમી મળ્યા બાદ જાળ બિછાવવામાં આવી હતી. આજની ધરપકડ સાથે જ ગુવાહાટી-શિલોંગ રોડ ઉપર ૯ જુલાઈની રાત્રે બનેલાં આ શરમજનક બનાવમાં ઘણાં લોકોની ધરપકડ થઈ ચૂકી છે. આજની ધરપકડ સાથે બનાવમાં ઓળખી કાઢવામાં આવેલાં ૧૭ લોકો પૈકી ૧૪ને કસ્ટડીમાં લેવામાં આવી ચૂક્યાં છે. ત્રણ લોકો હજુપણ ફરાર છે અને તેમની શોધખોળ ચાલી રહી છે. આઈ.જી.નું કહેવું છે કે, ગુવાહાટી પોલીસને આ સંબંધમાં જાણ કરી દેવામાં




આવી છે. વારાણસીમાં કાલિતા છુપાયેલો છે તેવી માહિતી અગાઉ મળી હતી જેનાં આધાર ઉપર બનારસ હિંદુ યુનિવર્સિટી નજીક તેની ધરપકડ કરવામાં આવી છે. કાલિતાની ઓળખની પાકી ચકાસણી કરવામાં આવી હતી. આ આરોપી પર એક લાખ રૂપિયાનું ઈનામ હતું. રાજ્યાં પોલીસ મહાનિર્દેશક જયંત નારાયણ ચૌધરીએ કાલિતાની ધરપકડનાં અહેવાલને સમર્થન આપ્યું છે. ચૌધરીએ કહ્યું છે કે, તેની ધરપકડ કરીને વારાણસીમાં કસ્ટડીમાં લઈ લેવાયો છે. પ્રાથમિક પૂછપરછ ચાલી રહી છે. વારાણસી કેન્ટોનમેન્ટ પોલીસ સ્ટેશનમાં રાજ્ય પોલીસની ખાસ ટીમ દ્વારા હાલ પૂછપરછ ચાલી રહી છે. ધરપકડ કરાયેલાં ૧૪ આરોપીઓ પૈકી ૭ જ્યુડિશીયલ કસ્ટડીમાં છે જ્યારે આ બનાવને ટીવી પર દર્શાવનાર લોકલ ટીવીનાં કેમેરામેન ગૌરવને પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ પર રાખવામાં આવ્યો છે. કાલિતા પૂર્વ સરકારી કર્મચારી છે. સનસનાટીપૂર્ણ બનાવ બાદ તે ફરાર હતો અને ધરપકડને ટાળવા એક જગ્યાએથી બીજી જગ્યાએ સંતાઈ રહ્યો હતો.

# સેન્સેક્સમાં ઉલ્લેખનીય ઘટાડો નોંધાયો

મુંબઈ, તા.૨૩

શેરબજારમાં આજે તીવ્ર મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારનાં અંતે સેન્સેક્સમાં ૨૮૧ પોઈન્ટનો મોટો કડાકો બોલી ગયો હતો. બેંકિંગ શેરોમાં તીવ્ર વેચવાલી જોવા મળી હતી. કારોબારનાં અંતે સેન્સેક્સ ૧૬૮૭૭ની નીચી સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ૮૭ પોઈન્ટ ઘટીને ૫૧૧૮ની સપાટીએ રહી હતી. યુરોપિયન બજારમાં આજે નબળો કારોબાર જોવા મળ્યો હતો. એશિયન બજારમાં ગ્રીસ અને સ્પેનનાં સંબંધમાં સતત દહેશત રહી છે જેથી તેની અસર જોવા મળી રહી છે. નિક્કીમાં ૧૬૧ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો જ્યારે હેંગસેંગમાં ૫૮૭ પોઈન્ટનો ઘટાડો નોંધાતા તેની સપાટી ૧૯૦૫૩ રહી હતી. ઘરઆંગણે મારૂતિ સુઝુકીમાં સૌથી મોટો કડાકો બોલાયો હતો. મારૂતિનાં શેરમાં ૫.૫ ટકાનો ઘટાડો રહેતાં શેરની કિંમત ૧૦૮૧ રહી હતી. દેશની કાર બનાવતી સૌથી મોટી કંપની મારૂતિ સુઝુકીએ માનેસર પ્લાન્ટમાં લોકઆઉટની જાહેરાત કર્યા બાદ તેનાં શેરમાં મોટો કડાકો રહ્યો છે. જ્યાં સુધી હિંસાના સંબંધમાં તપાસ સંપૂર્ણપણે પૂરી થશે નહીં ત્યાં સુધી પ્રોડક્શન યુનિટ બંધ રાખવાની જાહેરાત કરી દેવામાં આવી છે. તાતા સ્ટીલ, જિંદાલ સ્ટીલ, સ્ટરલાઈટ ઈન્ડસ્ટ્રીમાં ૪થી ૫ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ભેલ, ગેઈલ, તાતા મોટર્સ, ભારતી એરટેલ, આઈસીઆઈસીઆઈ બેંક, બજાજ ઓટો, એસબીઆઈ, વિપ્રો, તાતા પાવર, એચડીએફસી બેંક, કોલઈન્ડિયા, સન ફાર્મા જેવી કંપનીઓનાં શેરમાં આજે કારોબાર દરમિયાન ૧.૫થી ૪ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. ઈન્ફોસિસમાં



પ્રોફિટ બુકિંગની સ્થિતિ વચ્ચે ૧.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. એફએમસીજીની મહાકાય કંપની આઈટીસીમાં ૧.૩ ટકાનો ઘટાડો આ સપ્તાહ દરમિયાન તેની પ્રથમ ત્રિમાસિક કમાણીના આંકડા જારી કરવામાં આવ્યાં તે પહેલા ઘટાડો નોંધાયો હતો. લાર્સન એન્ડ ટુબ્રોનાં શેરમાં ૧.૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. ડો. રેડ્ડીલેબ અને સિપ્લામાં ઉલ્લેખનીય તેજી નોંધાઈ હતી. તમામ સેક્ટરલ ઈન્ડેક્ષ આજે કારોબાર દરમિયાન મંદીમાં રહ્યા હતાં. બીએસઈ મેટલ ઈન્ડેક્ષમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. આ ઈન્ડેક્ષમાં ૩.૩૫ ટકાનો ઘટાડો રહેતાં તેની સપાટી ૧૦૩૧૬ નોંધાઈ હતી. રિયાલિટી, પાવર, ઓટો, કેપિટલ ગુડ્સ, બેંકેક્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલ, પીએસયુ ઈન્ડેક્ષમાં ૧.૬થી ૨.૯ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. રિયાલિટી સેક્ટરમાં એચડીઆઈએલમાં સૌથી વધુ ૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. ઈન્ડિયાબુલ્સ રિયલ એસ્ટેટ, ડીએલએફમાં પણ ઘટાડો રહ્યો હતો. રિટેલ બિઝનેસમાં રહેલી કંપનીઓનાં શેર આજે ભારે દબાણ હેઠળ રહ્યા હતાં. કારણ કે સમાજવાદી પાર્ટી, ડાબેરી પક્ષો અને જેડીએસે સંયુક્તરીતે પત્ર લખીનેમનમોહનસિંહને મલ્ટીબ્રાન્ડ રિટેલમાં સીધા વિદેશી મૂડીરોકાણને મંજુરી નહીં આપવા અપીલ કરી છે. રિલાયન્સ કોમ્યુનિકેશનમાં ૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ઝી એન્ટરટેઈનમેન્ટમાં ૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્ષમાં ૮૦ પોઈન્ટનો ઘટાડો નોંધાતાં તેની સપાટી ૬૧૦૩ નોંધાઈ હતી જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્ષમાં ૭૬ પોઈન્ટનો ઘટાડો નોંધાતા સપાટી ૬૫૯૯ નોંધાઈ હતી. એકંદરે બજારની સ્થિતિ આજે નિરાશાજનક રહી હતી. ૧૭૯૪ શેરમાં મંદી અને ૯૯૦ શેરમાં તેજી જોવા મળી હતી.

# અજમેર શરીફ દરગાહમાં કલાકારો પર રોકની માગ

અજમેર, તા.૨૩

ખ્વાજા મોઈનુદ્દીન ચિસ્તીની દરગાહના પ્રમુખે ફિલ્મ સ્ટાર અને ફિલ્મ નિર્માતાઓના દરગાહમાં આવવા પર વાંધો ઉઠાવ્યો છે. અજમેર શરીફ દરગાહમાં ફિલ્મી કલાકારો ઉપર પ્રતિબંધ મૂકવાની માંગણી કરવામાં આવી છે. પ્રમુખે ઈસ્લામિક બુદ્ધિજીવીઓ અને ઉલેમાઓને આ પ્રકારની અપીલ કરીને તેમની રજૂઆત તરફ ધ્યાન આપવા કહ્યું છે. દરગાહ દિવાન જેનુલ અબેદીન અલી ખાને એક નિવેદનમાં કહ્યું છે કે ઈસ્લામમાં ડાન્સ અને ફિલ્મો પર પ્રતિબંધ છે. સામાન્ય રીતે તાજેતરમાં ફિલ્મોમાં અશ્લીલતાને પ્રોત્સાહન મળી રહ્યું છે. સમાજમાં ઝડપથી નૈતિક સ્તર ઘટી રહ્યું છે. ફિલ્મ સ્ટાર, નિર્માતા, નિર્દેશકો દરગાહ પર આવીને એક પ્રકારથી ફિલ્મો માટે પ્રમોશન કરે છે જેને સ્વીકાર કરી શકાય નહીં. દરગાહના પ્રમુખનું કહેવું છે કે કોઈ પવિત્ર સ્થળને આવા હેતુ માટે ઉપયોગ કરવો જોઈએ નહીં. પ્રતિબંધિત અને ઈસ્લામિક નિયમોનો ભંગ થાય તેવા કૃત્યો દરગાહ ખાતે હાથ ધરવા જોઈએ નહીં.

ફિલ્મ સ્ટાર વારંવાર ફિલ્મો માટે દુઆ માંગવાના હેતુસર અજમેર શરીફ દરગાહ પહોંચે છે. મીડિયા મારફતે પ્રચાર પણ કરવામાં આવે છે. તમામને હેરાન કરવાવાળી બાબત એ છે કે ઈસ્લામિક વિધવાન લોકો અને ઉલેમાઓ આ મુદ્દા ઉપર શાંત છે. જે રીતે બીજા મામલાઓમાં ઉલેમાઓ નિવેદન કરે છે તેવી જ રીતે આ વિષય ઉપર પોતાની સ્પષ્ટતા કરવી જોઈએ. તેમણે કહ્યું છે કે કોઈપણ ધાર્મિક સ્થળ પર જઈને બિનજરૂરી રીતે પ્રાથના યોગ્ય નથી. માત્ર ઈસ્લામિક જ નહીં બલ્કે કોઈપણ ધર્મમાં ધર્મ વિરોધી હરકતોને ચલાવી શકાય નહીં.

## શ્રુતિ બંધનમ્ (પાના નં. ૪ નું ચાલુ)

રામકૃષ્ણની તેમના પ્રેમની વાતો આપણે સાંભળી હશે, કયાંક વાંચી હશે પરંતુ ધરતી અને આકાશના પ્રેમની વાત આપણે વિસરી જઈએ છીએ. સ્વયં કુદરત જ પ્રેમ છે. અને કુદરતનું સગળું પ્રેમમય હોય જ એમાં લેશમાત્ર શંકા ન હોય. પ્રેમની ખરી પરાકાષ્ઠા જ એ છે જેમાં મિલનનો ઝૂરાપો ખીંચોખીંચ ભર્યો હોય. મિલનનો અહેસાસ કાફી છે પ્રેમમાં. ક્ષિતિજને કોઈ અડકી શક્યું નથી. પામી શક્યું નથી. ક્ષિતિજ સ્વયં એક અમર પ્રેમની લકીર છે. ધરતી અને નભના પ્રેમની...! ધરતીના હરેક કણને સ્પર્શવાની તાકાત વરસતા નભ પાસે છે. હરેક કણમાં હરિયાળી પાથરવાની ક્ષમતા છે. હરેક કણમાં સજીવના પોષણની તાકાત છે અને તે અપૌરૂષ ક્ષમતા બક્ષે છે, નભની પ્રેમચેષ્ટા. ધરતીય નભના જલકણોને પોતાનામાં સમાવી દે છે. આ સમાવી લેવાની - સમાઈ જવાની હરકત શું પ્રેમ નથી? એકબીજાના અસ્તિત્વમાં જીવવાની નૅમમાં પ્રેમ નથી? પરસ્પરની અવિશ્રાંત નિર્ભરતામાં પ્રેમ નથી?

પ્રેમનો પરિપાક હરિયાળી છે, શીતળતા છે અને શાંતિ છે. પ્રેમમાં શક્યતા છે સદ્‌ભાવની - સમાનતાની અને સહચર્યતાની...! ધરતી અને આકાશમાં પ્રેમમાં પડવાની ઋતુ આવી પહોંચી છે. અષાઢ ધરતી-નભના, ધરતી-નભના સંબંધનું પુનરાવર્તન કરીએ. કયાંક હરિયાળા થઈ ઊગી નીકળીએ...!!

**સ્વીટ રેઇન :**

નીલે ગગન કે તલે
ધરતી કા પ્યાર પલે
આતી હૈં સુબહે
ઐસે હી શ્યામ ઢલે...!

**- ફિલ્મી ગીત**